જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૨૧ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૧/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૧૮ | ૭ | ૧૧૧૨૫ | ૧૭૨૪૮ | ૭ | ૧૭૨૫૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૯૮ | ૦ | ૪૬૯૮ | ૬૨૨૧ | ૦ | ૬૨૨૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૬૭૪૨ | ૧૪૮ | ૨૬૮૯૦ | ૨૭૯૨૦ | ૧૪૮ | ૨૮૦૬૮ |
| કુલ | | ૪૨૬૨૧ | ૧૫૫ | ૪૨૭૭૬ | ૫૧૬૪૯ | ૧૫૫ | ૫૧૮૦૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૯ | ૧૭,૦૧,૬૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૫૪ | ૩૭,૫૪,૦૦૦/- |

# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઈસનપુર પોલીસ સ્ટેશન

## ચોરીની લોડીંગ રીક્ષા સાથે બે આરોપીઓને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૮/૦૧/૨૦૨૧ ના કલાક ૧૭/૪૫ વાગે ચંડોળા પેટ્રોલ પંપની સામેથી એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.હે.કો સુરેશકુમાર જીવણભાઇ તથા અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇનાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૦૧) સંજય સ/ઓ તરસંગજી ધુળાજી ઠાકોર ઉ.વ ૩૦ રહે,અંકીત સોસાયટી સામે રામવાડી ટેકરો કાચા છાપરા ઇસનપુર અમદાવાદ શહેર મુળ ગામ-કાળા તા-ડિસા જી-બનાસકાંઠા તથા (૦૨) રાહુલ સ/ઓ ગોવિંદભાઇ ધનાજી ઠાકોર ઉ.વ ૨૨ રહે,રામવાડી ટેકરા વિભાગ-૨ અંકિત સોસાયટીની સામે માટલાવાળી ગલી ઇસનપુર અમદાવાદ શહેરનાઓને ચોરીમા ગયેલ લોડીંગ રીક્ષા નંબર.-GJ-27-W-1839 જેનો એન્જીન નં-S6A8526387 તથા ચેસીસ નં-MCG0ASDPVA1652319 કિંમત રૂપિયા-૫૦,૦૦૦/- સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૦૧૧૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૦૯/૦૧/૨૦૨૧



# પાસા અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન

## મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ વિક્રમભાઈ ઉર્ફે દેવદાસ સ/ઓ નગીનભાઈ સેંધાભાઈ જાતે:પટણી(ગુગાવાળા) ઉ.વ.૩૭ રહે"મામુપઠાણની ચાલી ચમનપુરા અસારવા મેધાણીનગર અમદાવાદ શહેર મુળ વતન:ઠક્કરબાપા સ્કુલની સામે બળિયાપાડા પાટણ ના વિરુદ્ધ (૧) શાહીબાગ પો.સ્ટે.ફ.ગુ.ર. નં. ૧૮૧/૨૦૧૯ ઈ.પી.કો.કલમ,૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ (૨) શાહીબાગ પો.સ્ટે. ગુ. ર. નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૨૦૮/૨૦૨૦ ઈ.પી.કો.કલમ,૩૭૯ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૮/૨૦૨૧ તા.૦૮/૦૧/૨૦૨૧ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૦૮/૦૧/૨૦૨૧ ના કલાક:૨૦/૩૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી મધ્યસ્થ જેલ લાજપોર,સુરત ખાતે મોકલી આપેલ.

## આરોપીનુ નામ:-

વિક્રમભાઈ ઉર્ફે દેવદાસ સ/ઓ નગીનભાઈ સેંધાભાઈ જાતે:પટણી(ગુગાવાળા) ઉ.વ.૩૭ રહે"મામુપઠાણની ચાલી ચમનપુરા અસારવા મેધાણીનગર અમદાવાદ શહેર મુળ વતન:ઠક્કરબાપા સ્કુલની સામે બળિયાપાડા પાટણ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ
(૫) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૩૧ લીટર દેશી દારૂ, ૧૪૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૫,૬૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૪/૨૦૨૧**

**દાણીલીમડાઃ** સઇદખાન રસુલખાન પઠાણ (રહે. હરિયાળીનગર બોમ્બે હોટેલ દાણીલીમડા) એ તા.૦૮/૦૧/૨૦૨૧ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૦ રાતના ૮/૩૦ થી તા.૦૧/૦૧/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા હરીયાળીનગર ખતીજા મસ્જીદ આગળ પાર્ક કરેલ પોતાની ઈકો ગાડીનુ સાયલેન્સર કિમત રૂપિયા ૭૧,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૫૫/૨૦૨૧**

**સરદારનગરઃ** સપનાબહેન વા/ઓ ભરતભાઇ જૈન (ઉ.વ.૩૩) (રહે. હીમાલયા ગ્રીન્સ ગેલેક્ષી અંડરબ્રીજ પાસે કુબેરનગર સરદારનગર) તા.૦૮/૦૧/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે વૈકુટવિહાર સોસાયટીના નાકેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા નંબર જીજે ૦૧ વીડી ૧૯૨૪ ઉપર આવેલ એક પુરૂષ સપનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સપનાબહેન જૈને સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલિયા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૫૬/૨૦૨૧**

**માધવપુરાઃ** શાંતિલાલ પદમજી સેંગલ (રહે. નરમાવાળી ચાલી હાજીપુરા ગાર્ડન પાસે સુલેમ-૧૧ સામે શાહીબાગ) એ તા.૦૫/૦૧/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગે શાહીબાગ હાજીપુરા ગાર્ડન પાસે નરમાવાળી ચાલીના નાકે પોતાની ઈકો ગાડી નંબર જીજે ૦૧ એચડબલ્યુ ૧૦૨૫ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૬/૦૧/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ શાંતિલાલ સેંગલે તા.૦૮/૦૧/૨૦૨૧ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**<u>દઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭/૨૦૨૧</u>**

**સોલા હાઈકોર્ટ**ઃ હરેશભાઇ શકરાભાઇ પંચાલ (ઉ.વ.૩૮) (રહે. રાયકાનગર સોસાટી શિવમ ગેસની બાજુમાં લાવણ્ય સોસાયટીની બાજુમાં ચાંદલોડીયા) તા.૦૬/૦૧/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ગોતા પ્રિયાંશી મેલડી એસ્ટેટ આગળ પ્રિયાંશી ફાર્મા નામના કારખાનામાં ગેસની સગડીમા ભડકો થતા હરેશભાઇ દાઝી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૮/૨૦૨૧</u>**

**દાણીલીમડા**ઃ હુસ્નાબાનુ વા/ઓ તૌસીફઅલી સૈયદ (ઉ.વ.૩૨) (રહે. અલ મુબારક રો-હાઉસ સુલેમાની મસ્જીદ પાછળ ચંડોળા તળાવ સામે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૨/૨૦૨૦ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને બારસો બેડ કોવીડ હોપીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૧/૨૦૨૧ કલાક ૭/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

**કાગડાપીઠ**ઃ જયેશ સોમાજી ઠાકોર (ઉ.વ.૪૦) (રહે. ફકીરમુખીની ચાલી અનમોલ ફ્લેટ પાસે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૧/૨૦૨૧ સાજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અલ્પેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી